ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર

જાહેરાત ક્રમાંકઃ ૪૬૮/૨૦૨૬૨૭ અંગેની વિગતવાર સુચનાઓ

(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in **અને** https://gsssb.gujarat.gov.in**)**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત ગૌણ સેવા, વર્ગ –૩ (ગ્રુપ– **A** તથા ગ્રુપ – **B**) ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (**Gujarat Subordinate Services Class III (Group-A and Group-B) (Combined Competitive Examination))** માટે નીચે દર્શાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી **OJAS** ની વેબસાઇટ પર ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

❖ Group-A:-

ક્રમ	સંવર્ગ (વર્ગ–૩)	જગ્યા	ખાતાના વડાની કચેરી
૧.	સબ રજિસ્ટ્રાર, ગ્રેડ–૧	૦૬	નોંધણી સર નિરીક્ષકની કચેરી
૨.	સબ રજિસ્ટ્રાર, ગ્રેડ–૨	૧૫	નોંધણી સર નિરીક્ષકની કચેરી
૩.	મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી	૫૦	નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી
૪.	સમાજ કલ્યાણ નિરીક્ષક	૮૯	નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી
૫.	કચેરી અધિક્ષક	૦૭	નશાબંધી અને આબકારી નિયામકશ્રીની કચેરી
૬.	ઓફિસ આસિસ્ટન્ટ	૧૫	ગુજરાત જાહેર સેવા આયોગ
૭.	હેડ ક્લાર્ક	૧૦	વિવિધ ખાતાના વડા
૮.	સિનિયર ક્લાર્ક	૫૧	વિવિધ ખાતાના વડા
Total Group-A		**૨૪૩**	

❖ Group-B:-

ક્રમ	સંવર્ગ (વર્ગ–૩)	જગ્યા	ખાતાના વડાની કચેરી
૧.	જુનિયર ક્લાર્ક	૯૯૪	વિવિધ ખાતાના વડા
Total Group-B		**૯૯૪**	

૧. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર **તા.૦૫/૧૧/૨૦૨૫** (૧૪:૦૦ કલાક) **થી તા.૩૦/૧૧/૨૦૨૫** (સમય ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન–લાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૨. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. જેથી ઉમેદવાર દ્વારા અરજીપત્રક ભરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય કે જેના કારણે ઉમેદવારી થવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય.

૩.ભરતી પ્રક્રિયા સંબંધેની તમા સૂચનાઓ મંડળની વેબસાઈટ https://gsssb.gujarat.gov.in/ પર મૂકવામાં આવશે. તેથી મંડળની વેબસાઈટ અચૂક જોતાં રહેવું.

૪.ઓન–લાઈન અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, વય, જાતિ તેમજ અન્ય લાયકાતના બધાં જ અસલ પ્રમાણપત્રો પોતાની પાસે જ રાખવાનાં રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. આમ, પોતાનાં બધાંજ પ્રમાણપત્રો જેવાં કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડખાંપણ (લાગુ પડતું હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો), તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન–લાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી "રદ" થવાપાત્ર બને છે. આથી, ઓનલાઈન અરજીપત્રક ઉમેદવારે કાળજીપૂર્વક ભરવાનું રહે છે.

૫. જરૂરિયાત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર એસ.એમ.એસ.થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી આ નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

❖ સંવર્ગવાર જગ્યાની વિગત:–

ક્રમ	વિભાગનું નામ	ખાતાના વડાનું નામ	સંવર્ગ અને વર્ગ	ગૃપ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					માજી સૈનિક	શારીરિક અશક્ત (દિવ્યાંગ)	દિવ્યાંગતાનો પ્રકાર			
						બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ			અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી (A)	બધિર અને ઓછું સાંભળનાર (B)	મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્ત માંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ (C)	સ્વલીનતા બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – D અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E (D&E)
Group-A																					
1	**મહેસૂલ વિભાગ**	**નોંધણી સર નિરીક્ષકની કચેરી**	**સબ રજિસ્ટ્રાર, ગ્રેડ–૧**	**Gr-A**	**6**	4	0	1	0	1	1	0	0	0	0	0	0	0 B, LV(40-70%)	0 D, HH(40-70%)	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, MDy, SD, SI	0 ASD(M), SLD, MI(40-70%), MD(40-70%)
2	**મહેસૂલ વિભાગ**	**નોંધણી સર નિરીક્ષકની કચેરી**	**સબ રજિસ્ટ્રાર, ગ્રેડ–૨**	**Gr-A**	**15**	4	2	0	3	6	1	1	0	1	2	1	1	1 B, LV(40-70%)	0 D, HH(40-70%)	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, MDy, SD, SI	0 ASD(M), SLD, MI(40-70%), MD(40-70%)
3	**આદિજાતિ વિકાસ વિભાગ**	**નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી**	**મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી**	**Gr-A**	**50**	21	5	11	5	8	7	2	4	1	3	5	4	0 B, LV(40-70%)	1 D, HH(40-70%)	1 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	2 SLD, MI, MD(40-70%)

ક્રમ	વિભાગનું નામ	ખાતાના વડાનું નામ	સંવર્ગ અને વર્ગ	ગૃપ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					માજી સૈનિક	શારીરિક અશક્ત (દિવ્યાંગ)	દિવ્યાંગતાનો પ્રકાર			
						બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ			અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી (A)	બધિર અને ઓછું સાંભળનાર (B)	મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્ત માંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ (C)	સ્વલીનતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – D અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E (D&E)
4	**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**	**નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી**	**સમાજ કલ્યાણ નિરીક્ષક**	**Gr-A**	**89**	35	10	23	8	13	11	3	8	3	4	8	1	0 B, LV(40-70%)	0 HH(40-70%)	0 OA, OL, BA, OAL, CP, LC, DW, AAV	1 SLD, MI(40-70%), MD(40-70%)
5	**ગૃહ વિભાગ**	**નશાબંધી અને આબકારી નિયામકશ્રીની કચેરી**	**કચેરી અધિક્ષક**	**Gr-A**	**7**	5	0	1	0	1	1	0	0	0	0	0	1	0 B, LV(40-70%)	1 D, HH(40-70%)	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	0 SLD, MI, MD, ASD
6	**સામાન્ય વહીવટ વિભાગ**	**ગુજરાત જાહેર સેવા આયોગ**	**ઓફિસ આસિસ્ટન્ટ**	**Gr-A**	**15**	3	2	5	3	2	1	0	2	1	0	1	0	0 B, LV	0 D, HH	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	0 SLD, MI, MD
7	**આદિજાતિ વિકાસ વિભાગ**	**નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી**	**હેડ ક્લાર્ક**	**Gr-A**	**10**	5	1	3	1	0	1	1	1	0	0	1	2	1 B, LV(40-70%)	1 D, HH(40-70%)	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	0 SLD, MI, MD(40-70%)

ક્રમ	વિભાગનું નામ	ખાતાના વડાનું નામ	સંવર્ગ અને વર્ગ	ગૃપ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					માજી સૈનિક	શારીરિક અશકત (દિવ્યાંગ)	દિવ્યાંગતાનો પ્રકાર			
						બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ			અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી (A)	બધિર અને ઓછું સાંભળનાર (B)	મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રકતપિત્ત માંથી સાજા થયેલ, પામતતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ (C)	સ્પર્શીનાતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – D અને (A) થી (D) કેટેગરી વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E (D&E)
8	કાયદા વિભાગ	ચેરિટી કમિશનરશ્રી ની કચેરી	સિનિયર કલાર્ક	Gr-A	28	13	2	7	2	4	4	0	2	0	1	3	2	1 B, LV(40-70%)	1 D, HH(40-70%)	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, MDy, AAV, SD, SI	0 ASD(M), SLD, MI, MD
9	બંદરો અને વાહન વ્યવહાર વિભાગ	વાહન વ્યવહાર કમિશ્નરશ્રી ની કચેરી	સિનિયર કલાર્ક	Gr-A	5	1	1	0	0	3	0	0	0	0	1	0	1	1 B, LV(40-70%)	0 D, HH(40-70%)	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	0 ASD(M), SLD, MI(40-70%), MD(40-70%)
10	ગૃહ વિભાગ	નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી	સિનિયર કલાર્ક	Gr-A	6	5	0	1	0	0	2	0	0	0	0	0	1	1 B, LV	0 D, HH	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	0 ASD(M), SLD, MI, MD
11	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	કમિશ્નરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરી	સિનિયર કલાર્ક	Gr-A	9	3	2	2	0	2	1	0	0	0	1	0	0	0 B, LV	0 D, HH	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV	0 SLD, MI, MD
12	પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ	ગુજરાત પંચાયત સેવા	સિનિયર કલાર્ક	Gr-A	1	1	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0

ક્રમ	વિભાગનું નામ	ખાતાના વડાનું નામ	સંવર્ગ અને વર્ગ	ગૃપ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					માજી સૈનિક	શારીરિક અશક્ત (દિવ્યાંગ)	દિવ્યાંગતાનો પ્રકાર			
						બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ			અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી (A)	બધિર અને ઓછું સાંભળનાર (B)	મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્ત માંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ (C)	સ્વલીનતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – D અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E (D&E)
	અને ગ્રામ વિકાસ વિભાગ	પસંદગી મંડળ																			
13	પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	વિકાસ કમિશ્નરશ્રી ની કચેરી	સિનિયર ક્લાર્ક	Gr-A	2	2	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0
Total Group-A					**243**	**102**	**25**	**54**	**22**	**40**	**30**	**7**	**17**	**6**	**12**	**19**	**13**	**5**	**4**	**1**	**3**

ક્રમ	વિભાગનું નામ	ખાતાના વડાનું નામ	સંવર્ગ અને વર્ગ	ગૃપ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					માજી સૈનિક	શારીરિક અશક્ત (દિવ્યાંગ)	દિવ્યાંગતાનો પ્રકાર			
						બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ			અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી (A)	બધિર અને ઓછું સાંભળનાર (B)	મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્ત માંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ (C)	સ્વલીનતા બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – D અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E (D&E)
Group-B																					
1	**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુત્તિઓ નો વિભાગ**	**કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી**	**જુનિયર ક્લાર્ક**	**Gr-B**	**40**	17	4	10	1	8	5	1	3	0	2	4	0	0 B, LV	0 D,HH	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, MDy, SD, SI	0 SLD, MI, MD, ASD(M)
2	**કાયદા વિભાગ**	**ચેરિટી કમિશ્નરશ્રી ની કચેરી,**	**જુનિયર ક્લાર્ક**	**Gr-B**	**35**	21	3	3	1	7	7	1	0	0	1	3	2	1 B, LV(40-70%)	1 D,HH(40-70%)	0 OA, OL, BL, OAL, CP, LC, DW, AAV, MDy, SD, SI	0 SLD, MI, MD, ASD(M)
3	**નાણા વિભાગ**	**વીમા નિયામકશ્રી ની કચેરી**	**જુનિયર ક્લાર્ક**	**Gr-B**	**1**	1	0	0	0	0	0	0	0	0	0	0	0	0 B, LV(40-70%)	0 D,HH(40-70%)	0 OA, OL, BL, OAL, CP, LC, DW, AAV, MDy, SD, SI	0 SLD, MI(40-70%), MD(40-70%), ASD(M)
4	**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**	**વાહન વ્યવહાર કમિશ્નરશ્રી ની કચેરી**	**જુનિયર ક્લાર્ક**	**Gr-B**	**160**	68	22	47	4	19	23	7	16	1	6	16	2	1 B, LV(40-70%)	0 D, HH(40-70%)	1 OA, BA, OL, BL, OAL, CP, LC, DW, AAV, MDy, SD, SI	0 ASD(M), SLD, MI(40-70%), MD(40-70%)

ક્રમ	વિભાગનું નામ	ખાતાના વડાનું નામ	સંવર્ગ અને વર્ગ	ગૃપ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					માજી સૈનિક	શારીરિક અશક્ત (દિવ્યાંગ)	દિવ્યાંગતાનો પ્રકાર			
						બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ			અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી (A)	બધિર અને ઓછું સાંભળનાર (B)	મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્ત માંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ (C)	સ્વલીનતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – D અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E (D&E)
5	**સામાન્ય વહીવટ વિભાગ**	**નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ની કચેરી**	**જુનિયર ક્લાર્ક**	**Gr-B**	**13**	8	2	0	0	3	2	1	0	0	1	1	1	0 B, LV	1 D,HH	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, MDy, SD, SI	0 SLD, MI(40-70%), MD(40-70%), ASD(M,MoD), ID
6	**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુત્તિઓ નો વિભાગ**	**નિયામકશ્રી, પુરાતત્ત્વ કચેરી**	**જુનિયર ક્લાર્ક**	**Gr-B**	**4**	2	0	1	0	1	1	0	0	0	0	0	1	1 B, LV	0 D, HH	0 OA, BA, OL, BL, OAL, CP, LC, DW, AAV, SD, SI	0 ASD(M), SLD, MI, MD
7	**સામજિક ન્યાય અને અધિકારી તા વિભાગ**	**નિયામકશ્રી, સમાજ સુરક્ષા**	**જુનિયર ક્લાર્ક**	**Gr-B**	**28**	16	2	8	0	2	5	0	3	0	1	2	0	0 B, LV(40-70%)	0 D,HH(40-70%)	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	0 SLD, MI(40-70%), MD(40-70%), ASD(M)
8	**ગૃહ વિભાગ**	**નશાબંધી અને આબકારી નિયામકની કચેરી, ગાંધીનગર**	**જુનિયર ક્લાર્ક**	**Gr-B**	**20**	9	2	4	2	3	3	1	0	1	1	2	0	0 B, LV(40-70%)	0 D,HH(40-70%)	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	0 SLD, MI, MD, ASD

ક્રમ	વિભાગનું નામ	ખાતાના વડાનું નામ	સંવર્ગ અને વર્ગ	ગૃપ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					માજી સૈનિક	શારીરિક અશકત (દિવ્યાંગ)	દિવ્યાંગતાનો પ્રકાર			
						બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ			અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી (A)	બધિર અને ઓછું સાંભળનાર (B)	મગજની લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રકતપિત્ત માંથી સાજા થયેલ, પાસ્મતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ (C)	સ્પર્શીનાતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – D અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E (D&E)
9	શિક્ષણ વિભાગ	નિયામકશ્રી, એન.સી.સી. કચેરી, અમદાવાદ	જુનિયર કલાર્ક	Gr-B	28	8	3	11	1	5	2	1	4	0	2	3	0	0 B, LV	0 D,HH	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	0 SLD, MI, ASD(M)
10	આદિજાતિ વિકાસ વિભાગ	નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી	જુનિયર કલાર્ક	Gr-B	90	28	10	26	8	18	9	4	8	3	6	9	4	0 B, LV(40-70%)	1 D,HH(40-70%)	2 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	1 SLD, MI, MD(40-70%)
11	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	કમિશ્નરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરી	જુનિયર કલાર્ક	Gr-B	20	14	2	0	1	3	3	1	0	0	1	2	0	0 B, LV	0 D,HH	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, MDy	0 SLD, MI, MD, ASD(M)
12	પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ	જુનિયર કલાર્ક	Gr-B	4	1	1	1	0	1	1	0	0	0	0	0	0	0 B, LV	0 D,HH(40-70%)	0 OA, OL, BA, OAL, CP, LC, DW, AAV, MDy	0 SLD, MI, MD(40-70%), ASD(M)

ક્રમ	વિભાગનું નામ	ખાતાના વડાનું નામ	સંવર્ગ અને વર્ગ	ગૃપ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					માજી સૈનિક	શારીરિક અશક્ત (દિવ્યાંગ)	દિવ્યાંગતાનો પ્રકાર			
						બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ			અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી (A)	બધિર અને ઓછું સાંભળનાર (B)	મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્ત માંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ (C)	સ્વલીનતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – D અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E (D&E)
13	પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	વિકાસ કમિશ્નરશ્રી ની કચેરી	જુનિયર ક્લાર્ક	Gr-B	1	0	0	1	0	0	0	0	0	0	0	0	0	0 B, LV	0 D,HH (40-70%)	0 OA, OL, BA, OAL, CP, LC, DW, AAV, MDy	0 SLD, MI, MD(40-70%), ASD(M)
14	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ	સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય	જુનિયર ક્લાર્ક	Gr-B	100	41	10	27	7	15	14	3	9	2	5	10	0	0 B, LV (40-70%)	0 D,HH (40-70%)	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, SD, SI	0 SLD, MI, MD, ASD(M)
15	શિક્ષણ વિભાગ	કમિશ્નરશ્રી શાળાઓની કચેરી	જુનિયર ક્લાર્ક	Gr-B	200	82	20	54	14	30	27	6	18	5	10	20	0	0 B, LV	0 D, HH	0 OA, OL, BA, BL, OAL, CP, LC, DW, AAV, MDy, SD, SI	0 ASD(M), SLD, MI, MD
16	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ	નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી	જુનિયર ક્લાર્ક	Gr-B	50	20	5	14	2	9	8	1	5	1	3	5	2	1 B, LV	0 HH (40-70%)	0 OA, OL, BL, BA, OAL, BLOA, CP, LC, DW, AAV, MDy, SD, SI	1 SLD, MD

ક્રમ	વિભાગનું નામ	ખાતાના વડાનું નામ	સંવર્ગ અને વર્ગ	ગૃપ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					માજી સૈનિક	શારીરિક અશકત (દિવ્યાંગ)	દિવ્યાંગતાનો પ્રકાર			
						બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	બિન અનામત	આર્થિક રીતે નબળા વર્ગ	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ			અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી (A)	બધિર અને ઓછું સાંભળનાર (B)	મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રકતપિત્ત માંથી સાજા થયેલ, પાસ્મતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ (C)	સ્પર્શીનતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – D અને (A) થી (D) હેઠળના વ્યકિતમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E (D&E)
17	વન અને પર્યાવરણ વિભાગ	અગ્ર મુખ્ય વનસરંક્ષક શ્રીની કચેરી હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ગાંધીનગર	જુનિયર કલાર્ક	Gr-B	100	52	10	20	5	13	17	3	6	1	5	11	0	0 B, LV	0 D,HH	0 OA, OL, BL, BA, OAL, CP, LC, DW, AAV, MDy, SD, SI	0 SLD, MI, MD, ASD(M)
18	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ	જુનિયર કલાર્ક	Gr-B	100	66	10	14	0	10	22	3	5	0	3	10	0	0 B, LV	0 D, HH	0 OA, OL, BL, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI, MDy	0 ASD, SLD, MI, MD
Total Group-B					**994**	**454**	**106**	**241**	**46**	**147**	**149**	**33**	**77**	**14**	**47**	**98**	**12**	**4**	**3**	**3**	**2**

(૧) આ જાહેરાતમાં દર્શાવેલી જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલી હોઈ જગ્યાઓમાં વધઘટ થઈ શકે શકશે.

(૨) અનામત જગ્યાઓ મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨/૧૩/ગ.૨(ભાગ–૧)ની જોગવાઈઓ ધ્યાને લઈને મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા સંબધિત કેટેગરી (બિનઅનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ)ના પુરુષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૪) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ, ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી. આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી ઉમેદવારોએ મેળવેલા માર્ક્સના મેરિટ્સને ધ્યાને લઈ કરવામાં આવે છે. તેથી, આવી જગ્યાઓ માટે પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) મંડળ દ્વારા "ગુજરાત ગૌણ સેવા", વર્ગ–૩ સંવર્ગની સીધી ભરતીમાં દિવ્યાંગ અનામતની ઘટની જગ્યા ખાસ ભરતી ઝુંબેશથી ભરવા અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આથી આ જાહેરાતમાં કેટલાક વિભાગો હસ્તકની કચેરીઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓનો સમાવેશ કરવામાં આવેલ નથી. તે ધ્યાને લેતા દિવ્યાંગ અનામતની જગ્યા ન હોય ત્યારે અનામત સિવાયની જગ્યા પર દિવ્યાંગ ઉમેદવાર ઉમેદવારી નોંધાવવા માંગે ત્યારે નીચે મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે:

B (Blind), **LV**(Low Vision), **D** (Deaf), **HH** (Hard of Hearing), **OA**(One Arm), **OL** (One leg), **BA** (Both Arms), **BL** (Both Legs), **OAL**(One Arm and One leg), **BLOA**(Both Leg and One Arm), **CP** (Cerebral palsy), **LC** (Leprosy Cured), **Dw** (Dwarfism), **AAV** (Acid Attack Victim), **ASD** (Autism Spectrum Disorder) **M-** Mild **MoD-** Moderate, **SLD** (Specific Learning Disability), **MI** (Mental Illness), **MD** (Multiple Disabilities) Disabilities included in Group A to D, **MDy** (Muscular Dystrophy)**, ID-** Intellectual Disability, **SI-** Spine Injury, **SD-** Spine Deformity

BA* **અને** BL* **માટે ખાસ નોંધ:–**

BA* અને BL* પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: SJED/ DIA/ EFILE/ 17/ 2023/ 1761/ CHH-1 SECTION માં ઠરાવેલી જોગવાઈઓને આધીન રહેશે.

૬. નાગરિકત્વ:–

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ–૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

૭.(૧) વયમર્યાદા:–

૧. ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

૨. તારીખ: **૩૦/૧૧/૨૦૨૬** ના રોજ ઉમેદવારની ઉંમર **૨૦ વર્ષથી** ઓછી નહિ અને **૩૫ વર્ષથી** વધુ ન હોવી જોઇશે.; અને

૭. (૨) વયમર્યાદામાં છૂટછાટ:–

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

કેટેગરી	**છૂટછાટ**	**મહત્તમ વયમર્યાદા**
સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને	૫ વર્ષ	–
અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને	૫ વર્ષ	–
અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦)	૧૦ વર્ષ	મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને	૧૦ વર્ષ	મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫)	૧૫ વર્ષ	મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (૫+૧૦=૧૫)	૧૫ વર્ષ	મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦)	૨૦ વર્ષ	મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
માજી સૈનિક ઉમેદવારો	ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે.	

૮. પગાર ધોરણ :–

નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ ના તથા તા.૨૯/૪/૨૦૧૦ અને તા.૬/૧૦/૨૦૧૧, તા. ૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ -૨૦૦૨– ૫૭–ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨–૫૭–(પાર્ટ–૨)–ઝ.૧ તથા છેલ્લે નાણા વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ખરચ -૨૦૦૨– ૫૭–(પાર્ટ–૪)–ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિકસ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદુપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર–૧૧–૨૦૧૫–૩૧૨૯૧૧-ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:–ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૩)/ઝ–૧, તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. 14124/2012 અને SLP No. 14125/2012 ના આખરી ચુકાદાને આધીન રહેશે.

ક્રમ	સંવર્ગ (વર્ગ–૩)	ખાતાના વડાની કચેરી	પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિકસ પગાર
૧.	સબ રજિસ્ટ્રાર, ગ્રેડ–૧	નોંધણી નિરિક્ષકની કચેરી (મહેસૂલ વિભાગ)	૪૯,૬૦૦/–
૨.	સબ રજિસ્ટ્રાર, ગ્રેડ–૨	નોંધણી નિરિક્ષકની કચેરી (મહેસૂલ વિભાગ)	૪૦,૮૦૦/–
૩.	કચેરી અધિક્ષક	નશાબંધી અને આબકારી નિયામકશ્રીની કચેરી	૪૯,૬૦૦/–
૪.	મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી	નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી	૪૯,૬૦૦/–
૫.	સમાજ કલ્યાણ નિરીક્ષક	નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી	૪૦,૮૦૦/–
૬.	હેડ કલાર્ક	વિવિધ ખાતાના વડા	૪૦,૮૦૦/–
૭.	સિનિયર કલાર્ક	વિવિધ ખાતાના વડા	૨૬,૦૦૦/–
૮.	ઓફિસ આસિસ્ટન્ટ	ગુજરાત જાહેર સેવા આયોગ	૨૬,૦૦૦/–
૯.	જુનિયર કલાર્ક	વિવિધ ખાતાના વડા	૨૬,૦૦૦/–

૯. શૈક્ષણિક લાયકાત :–

(૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **સ્નાતકની પદવી** ધરાવતો હોવો જોઇશે. **અથવા** સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે**;**

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.

(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

નોંધ:–

(૧) ઉપર દર્શાવેલ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલી શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ, આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઈઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ ઉક્ત જાહેરાત માટે અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

(૨) આ જાહેરાતની કોઈપણ બાબતે અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો માટેના ઉમેદવારો માટેની સામાન્ય સૂચનાઓ:–

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ અને અનામત વર્ગો તરીકેના લાભો મળવાપાત્ર થશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક દર્શાવવાની રહેશે.

(૩) અનામત વર્ગના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલું હોવું જોઇશે.

(૪) અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે, તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં કે અન્ય કોઈ છૂટછાટ મળશે નહિ.

(૫) ઉમેદવારે **Online** અરજીપત્રકમાં વિગતો ભરતી વખતે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલી હશે તે અરજીપત્રક **Confirm** થયેથી (કેટેગરી)માં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં.

(૬) અનુસૂચિત જાતિ કેટેગરીના ઉમેદવારોને મંડળની વેબસાઈટ પર 'ઉમેદવાર ઉપયોગિતાઓ' ટેબમાંની 'અનુસૂચિત જાતિ કેટેગરી માટે' ટેબમાં "રાજ્ય સરકારની સેવાઓમાં/સરકારશ્રીના બોર્ડ/નિગમ/સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં નિમણૂક આપતા પૂર્વે અનસૂચિત જાતિ (S.C.) કેટેગરીના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઇ કરવા અંગેની અગત્યની સૂચના" અનુસરવાની સલાહ આપવામાં આવે છે.

(૭) અનુસૂચિત જનજાતિ કેટેગરીના ઉમેદવારોને મંડળની વેબસાઈટ પર 'ઉમેદવાર ઉપયોગિતાઓ' ટેબમાંની 'અનુસૂચિત જનજાતિ કેટેગરી માટે' ટેબમાં "રાજ્ય સરકારની સેવાઓમાં/સરકારશ્રીના બોર્ડ/નિગમ/સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં નિમણૂક આપતા પૂર્વે અનસૂચિત જનજાતિ (S.T.) કેટેગરીના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઇ કરવા અંગેની અગત્યની સૂચના" અનુસરવાની સલાહ આપવામાં આવે છે.

૧૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો:–

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોએ નાણાકીય ૨૦૨૪–૨૦૨૫/ ૨૦૨૫–૨૦૨૬/ ૨૦૨૬–૨૦૨૭ ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સસપ/ ૧૧૦૯/ ૧૬૬૩/ અ થી રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન–ક્રીમીલેયર સર્ટિફિકેટ **તા.૦૧/૦૪/૨૦૨૪ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૨૬** સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાએઓને ધ્યાને લેતં ઉક્ત ૧૨(૧)માં દર્શાવેલ પરિશિષ્ટ–૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે **તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી કરવાની છેલ્લી તારીખ તા.૩૦/૧૧/૨૦૨૬** દરમિયાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ **Annexure-A** મુજબના નમુનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૧૧(૧) અથવા ૧૧(૨) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ **(SEBC)** ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટગરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

(૪) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા – પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી **"૨૬"** કરવામાં આવશે.

(૫) ઉમેદવારે ઉક્ત ૧૧(૧) અથવા ૧૧(૨) મુજબ મેળાવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઈશ્યૂ તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે નોન–ક્રીમીલેયર સર્ટિફિકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.) કેટેગરીના ઉમેદવારોને મંડળની વેબસાઈટ પર 'ઉમેદવાર ઉપયોગિતાઓ' ટેબમાંની 'સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.) કેટેગરી માટે' ટેબમાં "રાજ્ય સરકારની સેવાઓમાં/સરકારશ્રીના બોર્ડ/નિગમ/સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં નિમણૂક આપતા પૂર્વે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.) કેટેગરીના ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઇ કરવા અંગેની અગત્યની સૂચના" અને "સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.) કેટેગરીના ઉમેદવારોએ એપ્લીકેશન ફોર્મ ભરતી વખતે તેમજ ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે પ્રમાણપત્ર રજૂ કરવા અંગેની અગત્યની સૂચના" અનુસરવાની સલાહ આપવામાં આવે છે.

૧૨. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો:–

(૧) આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ-ઈ.ડબલ્યુ.એસ/ ૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના **એનેક્ષર-** KH (અંગ્રેજી) અથવા ગુજરાતીમાં **પરિશિષ્ટ-ગ** (ગુજરાતી)ના નમૂનામાં **તા.૦૧/૧૨/૨૦૨૩ થી તા.૩૦/૧૧/૨૦૨૬** સુધીમાં મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭ની આવકના આધારે **તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૨૬** સુધીમાં ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે Income and Asset Certificate મેળવેલું હોય તે પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૧૨(૧) અથવા ૧૨(૨) માં જણાવેલ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના જે ઉમેદવારો આ બંને પ્રમાણપત્રો પૈકી કોઇ એક પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી વયમર્યાદામાં કૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય

કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. **ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.**

(૪) ઉમેદવારે ઉક્ત ૧૨(૧) અથવા ૧૨(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને દર્શાવેલ વિગતો મુજબનું અસલ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

(૫) આર્થિક રીતે નબળા વર્ગો (E.W.S.) કેટેગરીના ઉમેદવારોને મંડળની વેબસાઇટ પર 'ઉમેદવાર ઉપયોગિતાઓ' ટેબમાંની 'આર્થિક રીતે નબળા વર્ગો (E.W.S.) કેટેગરી માટે' ટેબમાં "આર્થિક રીતે નબળા વર્ગો (E.W.S.) કેટેગરીના ઉમેદવારોને એપ્લીકેશન ફોર્મ ભરતી વખતે તેમજ ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે પ્રમાણપત્ર રજૂ કરવા અંગેની અગત્યની સૂચના" અનુસરવાની સલાહ આપવામાં આવે છે.

૧૩. દિવ્યાંગ ઉમેદવારો:–

(૧) દિવ્યાંગ વર્ગના ઉમેદવારે બિનઅનામત જગ્યા માટે અરજી કરી હશે ત્યારે તેઓને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૨) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલી ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલા હોય, તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે દિવ્યાંગ ઉમેદવારને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલા સુપરિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) દિવ્યાંગ ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Detailsમાં પોતાની દિવ્યાંગતાની ટકાવારી અને વિગત દર્શાવવાની રહેશે.

(૩) દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2 અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક: HFWD/MSM/e-file/7/2024/1833/A થી નિયત થયેલ નમૂનામાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના બદલે રજૂ કરવામાં આવેલ દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

૧૪. માજી સૈનિક:–

(૧) માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલા ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિનઅનામત, આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા બિનઅનામત, આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૨) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌકાદળ/હવાઈદળ/ભૂમિદળની ઓછામાં ઓછા ૬ (છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો, સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ના જાહેરનામાં ક્રમાંક: GS/2018–(2)–RES-1085/3433/G-2ની જોગવાઈ મુજબ, ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજનો સમયગાળો ઉપરાંત, ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: GAD/ERE/e-file/1/2023/5258/G-2થી ઠરાવ્યા મુજબ સીધી ભરતીની જાહેરાતમાં ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ ઉમેદવારી નોંધાવી શકશે.

૧૫. વિધવા ઉમેદવારો:–

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કૉલમ સામે 'હા' અવશ્ય લખવું, અન્યથા 'લાગુ પડતું નથી' એમ દર્શાવવું.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને પરીક્ષામાં મેળવેલ ગુણના મેરિટ્સના આધારે મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે, પરંતુ તેઓએ નિમણૂક સમયે પુનઃ લગ્ન કરેલાં ન હોવાં જોઈએ અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજૂ કરવાના રહેશે. (નોંધ:– ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઇ તબક્કે ઉમેદવાર પુનઃ લગ્ન કરેલાં ન હોવા અંગે તમામ પુરાવા અસલમાં રજૂ કરવા નિષ્ફળ રહેશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.)

(૩) કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે 'વિધવા' ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિદ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે 'વિધવા' બને

અને તે અંગે જરૂરી દસ્તાવેજ/પુરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને 'વિધવા મહિલા ઉમેદવાર' તરીકેના લાભ આપવામાં આવશે.

૧૬. માન્ય રમત ગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાત:–

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ.૨ થી ઠરાવેલ જોગવાઈ અનુસાર એથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત). બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ, ટેનિસ, વેઇટલિફ્ટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલિંગ, જિમ્નેસ્ટિક્સ, જૂડો, રાઇફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો–ખેલકૂદમાં (i) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (ii) આંતર યુનિવર્સિટી અથવા (iii) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલું હોય, તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેઓને પરીક્ષામાં મેળવેલ ગુણના મેરિટ્સના આધારે મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ પૈકીની કોઈ એક સ્પર્ધામાં ઉમેદવારોએ ભાગ લીધેલો હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલો હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી, તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઈ એક સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલા ઉમેદવારોએ સરકારના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલું જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

(૨) ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ તબક્કે ઉમેદવાર માન્ય કક્ષાનું માન્ય રમતનું પ્રમાણાપત્ર ન હોવાનું સ્થાપિત થશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.

(૩) સરકારશ્રી દ્વારા નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબતના વખતોવખતના સુધારા કરાવોની જોગવાઈઓ લાગુ પડશે.

૧૭. શૈક્ષણિક લાયકાત / વયમર્યાદા/ અન્ય લાયકાત માટે નિર્ધારિત તારીખ:–

શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઉન્નત વર્ગોમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર (નોન ક્રીમીલેયર સર્ટિફિકેટ), આર્થિક રીતે નબળાવર્ગનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર અને અન્ય જરૂરી લાયકાત માટે તા.૩૦/૧૧/૨૦૨૬ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૧૮. કોમ્પ્યૂટરની જાણકારી:–

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યૂટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું, કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યૂટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલા હોય તેવાં પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવાં પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અથવા ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યૂટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવાં પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. જો કે, આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યૂટરની બેઝિક નૉલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

૧૯. અરજી કરવાની રીત:–

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દવારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો તા.૦૫/૧૧/૨૦૨૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૩૦/૧૧/૨૦૨૬ (સમય ૨૩:૫૯ કલાક સુધી) દરમિયાન https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર ઓન–લાઈન અરજીપત્રક ભરી શકશે. એક જ જાહેરાત અન્વયે એક કરતાં વધુ અરજી કરનાર ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. અરજી કરવા બાબતની વિગતવાર સૂચનાઓ નીચે મુજબ છે.

નોંધ:– OJAS ની વેબસાઈટ પર OTR (One Time Registration) રજીસ્ટ્રેશન કરેલ હશે તે ઉમેદવારો જ અરજીપત્રક ભરી શકશે. તેથી જે ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરેલ ન હોય તેવા ઉમેદવારોએ OTR રજીસ્ટ્રેશન કર્યા બાદ જ અરજીપત્રક ભરવાનું રહેશે. જેની ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી.

ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે :–

(૧) સૌપ્રથમ https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર જવું.

(૨) ત્યારબાદ "On line Application" mi Apply પર Click કરવું અને GSSSB સિલેક્ટ કરવું.

(૩) ઉમેદવારે જાહેરાત ક્રમાંક: ૪૬૮/૨૦૨૬૨૭, 'ગુજરાત ગૌણ સેવા', વર્ગ–૩ સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માટે જાહેરાતના સંવર્ગના નામ પર Click કરી Apply પર ક્લિક કરવું. ત્યાર બાદ સ્ક્રીન પર More Details અને Apply now ના ઓપ્શન ખૂલશે. જેમાં More Details પર Click કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

(૪) જ્યારે "Apply now" પર Click કરવાથી નવી વિન્ડો ખૂલશે. જેમાં "Skip" પર ક્લિક કરવાથી Application Format ખૂલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (જ્યાં લાલ કુદડી (*) ની નિશાની હોય ત્યાં માગ્યા મુજબની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

નોંધ: One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઈન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે On line અરજી કરેલ ગણાશે નહી.

(૫) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવાની રહેશે.

(૬) ત્યાર બાદ "Assurance" (બાંહેધરી) માં દર્શાવેલ શરતો સ્વીકારવા માટે "Yes" Select કરી "save" પર Click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

(૭) હવે "save" પર Click કરવાથી "Application Number" generate થયેલ હશે જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૮) Upload Photograph પર Click કરો અને તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરવું, અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને signature upload કરવા સૌપ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી computer માં સેવ કરેલા હોવા જોઇશે.) photo અને signature અપલોડ કરવા માટે "browse" button પર Click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને Click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે, જે photo અને signature અપલોડ કરવામાં આવ્યા હશે તે જ photo લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ signature કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. **(અરજીમાં પાસપોર્ટ સાઇઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખથી ૦૧ (એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.)** આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો ફાળવણી/નિમણૂકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૯) હવે પેજના ઉપરના ભાગમાં Online Application ટેબમાં "Confirm Application" પર Click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર Click કરવાથી ઉમેદવારની Basic Details અને confirm application દેખાશે. ઉમેદવારને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો

edit કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહીં. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઈન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઈ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, દિવ્યાંગતા, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઈને તેને અનુરૂપ વિગતો ઓનલાઈન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઈપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઈ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. confirm application પર click કરતાં અહીં "confirmation number generate થશે. આ "confirmation number" હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

(10) હવે print application પર Click કરવું. અહીં Select Job માંથી જાહેરાત ક્રમાંક સિલેક્ટ કરીને તમારો confirmation number ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઈપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ ફરજિયાતપણે કાઢીને સાચવી રાખવી. નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી Online Application Form ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર Application Form ડાઉનલોડ કરી શકશે નહીં.

(૧૧) ઉમેદવારે એક જ અરજી કરવી, આમ છતાં, સંજોગવશાત, જો કોઈ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે. તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

(૧૨) **ના–વાંધા પ્રમાણપત્ર (NOC):-** ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ મંડળની જાહેરાતના સંદર્ભમાં અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા/કચેરીને અચૂક કરવાની રહેશે.

નોંધ:– જાહેરાત ક્રમાંક: ૪૬૮/૨૦૨૬૨૭ સામેના સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબર: ૦૭૯– ૨૩૨ ૫૮૯૧૬ પર સંપર્ક કરી શકાશે.

૨૦. પરીક્ષા ફી:–

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮/૦૫/૨૦૨૩ના જાહેરનામાની જોગવાઈ– ૧૧ મુજબ ગુજરાત ગૌણ સેવા, વર્ગ –૩(ગ્રુપ–એ તથા ગ્રુપ–બી) (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) માટે પરીક્ષા ફી ના દરો નીચે મુજબ રહેશે.

ગુજરાત ગૌણ સેવા (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) માટે પરીક્ષા ફી		
પ્રાથમિક પરીક્ષા	**બિન અનામત વર્ગ**	**અનામત વર્ગ** (તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો)
	૩.૫૦૦/–	૩.૭૦૦/–
The Paid fees shall be refunded to those candidates who appear in the examination. પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે.		

(૨) તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ઓનલાઈન માધ્યમથી જ ભરવાની થાય છે. ઉમેદવારીએ OJAS વેબસાઈટ પર પોતાની અરજી સબમિટ કરી confirmation number મેળવ્યા બાદ, પરીક્ષા ફી છેલ્લી તા.૦૨/૧૨/૨૦૨૬ (૨૩:૫૯ કલાક) સુધીમાં ફરજિયાત ઓન–લાઈન ભરવાની રહેશે. ઓન–લાઈન માધ્યમથી ફી ભરવા માટે OJAS વેબસાઈટ પર Online Application Print Application Form / Pay Fees પર Click કરવાથી Online Payment માટેના Options દેખાશે. જેમાં Online Payment of Fees પર Click કરવું. જેમાં ડેબિટ (Debit Card), ઈન્ટરનેટ બેંકીંગ (Internet Banking), UPI અથવા વોલેટ (Wallets) દ્વારા ભરવાની રહેશે. આ ચાર માધ્યમ પૈકીના કોઈ પણ એક માધ્યમ દ્વારા કી ભર્યા બાદ રસીદ જનરેટ થશે, જેની પ્રિન્ટ મેળવી લેવાની સુચના મળશે. Online Application ટેબમાં Print Application Form / Pay Fees પર Click કર્યા બાદ Online Payment Receipt પર કલીક કરવાથી પણ રસીદની પ્રિન્ટ મેળવી શકાશે. ઓનલાઈન માધ્યમથી કી ભરનાર ઉમેદવારે પરીક્ષા ફી ઉપરાંત નિયમોનુસાર ટ્રાન્ઝેક્શન ફી ભરવાની રહેશે. પરીક્ષા ફી ભરવાની

છેલ્લી તારીખ બાદ ફી ભરવા માટેની લિન્ક આપોઆપ બંધ થઈ જશે. ત્યારબાદ મંડળ દ્વારા **કોઈ પણ સંજોગોમાં અન્ય કોઈ પણ રીતે (લેઈટ ફી લઈને પણ) પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.**

નોંધ: ઉમેદવારોએ ફી રસીદની પ્રિન્ટ અથવા ઈ-રસીદ ફરજિયાતપણે મેળવી લઈ સાચવવાની રહેશે. જો કી રસીદ જનરેટ ન થાય તો અરજી માટેની ફી ભરાયેલ ગણાશે નહિ અને જ્યાં સુધી ફી ભરાયેલ નહિ હોય ત્યાં સુધી ઉમેદવારની અરજી માન્ય ગણાશે નહિ.

(૩) પરીક્ષા માટેની ફી ઓનલાઈન માધ્યમ સિવાયના અન્ય કોઈ પણ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને તેઓએ જે માધ્યમથી પરીક્ષા ફી ભરેલ હશે તે માધ્યમથી પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.

(૫) પરીક્ષા ફી નહીં ભરતા ઉમેદવારની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારનું અરજીફોર્મ કોઈ પણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા 'રદ' કરવામાં આવશે.

(૬) મંડળ દ્વારા અરજી રદ થયાના કિસ્સામાં પણ ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ પરીક્ષા ફી પરત મળવા પાત્ર (રિફંડ) રહેશે નહીં.

૨૧. પરીક્ષા પદ્ધતિ:-

મંડળ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઈન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી (એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કર્યા બાદ લાયક ઉમેદવારોની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૨૬ જાહેરનામાં ક્રમાંક GS/2026/01/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

તબક્કો-૧: પ્રાથમિક પરીક્ષા (ગૃપ-A અને ગૃપ-B માટે સંયુક્ત પરીક્ષા)

Sr. No.	Topic	Marks
1.	English	15 Marks
2.	Gujarati	15 Marks
3.	General Awareness and Current Affairs	30 Marks
4.	Quantitive aptitude	30 Marks
5.	Reasoning	60 Marks
Total		150 Marks

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કામાં ગ્રુપ – A અને ગ્રુપ – B હેઠળના તમામ સંવર્ગો માટે પ્રાથમિક પરીક્ષા MCQ પદ્ધતિથી લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૫૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણ ની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.
- અરજી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રાથમિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષાને અંતે ગ્રુપ – A અને ગ્રુપ – B માટે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની અલગ અલગ યાદી તૈયાર કરવામાં આવશે. અને ગ્રુપ – A અને ગ્રુપ – B માટે મેરીટસના આધારે ભરવાની થતી કેટેગરીવાઈઝ જગ્યાના સાત ગણા ઉમેદવારોને ગ્રુપ – A અને ગ્રુપ – B માટેની બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

તબક્કો – ૨ : મુખ્ય પરીક્ષા

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક: GS/2016/01/0125/K થી નિયત કરવામાં આવેલ નિયમો મુજબ ગ્રુપ–A માટે વર્ણનાત્મક જ્યારે ગ્રુપ–B માટે MCQ - પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ Appendix-G મુજબ તથા પરીક્ષાનો અભ્યાસક્રમ Appendix-H મુજબ રહેશે.

૨૧(બ) લઘુત્તમ લાયકી ધોરણ:–

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં તથા તે તબક્કાના તમામ પેપરમાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

૨૧(૬) પસંદગી યાદી તૈયાર કરવાની પધ્ધતિ:–

(૧) ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પ્રાથમિક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે ગ્રુપ – A અને ગ્રુપ – B માટેની મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ અલગ યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. ભરવાની થતી કેટેગરીવાઈઝ જગ્યાના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.

(૨) મંડળ દ્વારા બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ તેમજ કેટેગરીવાઈઝ ભરવાની થતી જગ્યાના આધારે ગ્રુપ – A અને ગ્રુપ – B માટે અલગ અલગ આખરી પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. તેમજ જે ઉમેદવારો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ પરંતુ પસંદગી યાદીમાં સ્થાન મેળવી શકેલ નથી તેવા અસફળ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૩) આ જાહેરાતમાં અલગ–અલગ સંવર્ગોની સંયુક્ત જાહેરાત આપવામાં આવેલ હોવાથી સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: પીબેસસી/૧૦૮૦/૩૯૧૦/ગ–૨ ની જોગવાઈઓ અનુસાર પ્રતિક્ષા યાદી (વેઈટીંગ લીસ્ટ) બનાવવામાં આવશે નહી.

૨૨. પરીક્ષાનું આયોજન :–

(૧) પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈને મંડળ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારે પરીક્ષા આપવાની રહેશે.

(૨) પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી તથા પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચના મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in પર મૂકવામાં આવશે.

(૩) ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

૨૩. અગત્યની સૂચનાઓ:–

(૧) ઉમેદવારે Online અરજીપત્રકમાં વિગતો ભરતાં સમયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક Confirm થયેથી જાતિ (કેટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની કોઈ પણ વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી જો ઉમેદવારને અરજીપત્રકની કોઈ વિગતમાં ફેરફાર કરવો હોય તો તેઓએ અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાં સાચી વિગત સાથે પુન: અરજી કરી Confirmation Number મેળવી તે Confirmation Number માટે નિયત ફી ભરવાની રહેશે.

(૨) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલી વિગતો ગમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે – તે તબકકે "રદ" ગણવામાં આવશે.

(૩) ઉમેદવાર દ્વારા વિદેશની યુનિવર્સિટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવી ભારતમાં માન્યતા/સમકક્ષતા ગણવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જરૂરી આધાર/પૂરાવા રજુ કરવાના રહેશે. પ્રમાણપત્રોની

ચકાસણીના કાર્યક્રમની સમયમર્યાદામાં આ અંગેના આધાર/પૂરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે, આ બાબતે મંડળની કોઈ ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૪) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત–સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાં જ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/નિમણૂકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઈ મુશ્કેલી ન અનુભવાય.

(૫) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર અને ઈ–મેલ આઈ.ડી. દર્શાવે છે તે નંબર અને ઈ–મેલ આઈ.ડી. ચાલુ જ રાખવાં. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલા નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે. તેથી અરજીપત્રકમાં દર્શાવેલા મોબાઇલ નંબર, ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો, એ ઉમેદવારના હિતમાં છે.

(૬) મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્ત્વની માહિતી છુપાવતાં હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલાં તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગીરી, કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી

શકશે. અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (ખ)(૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈ પણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૭) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલી જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા 'રદ' કરી શકાશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલી હશે તો પસંદગી /નિમણૂક, મંડળ/નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે 'રદ' કરવામાં આવશે.

(૮) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ ઉમેદવાર યોગ્ય જણાતો નથી, તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૯) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલા ભરતી નિયમોને આધીન રહેશે.

(૧૦) ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023 –૨૦૨૩ થી અમલી કર્યો છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં 'Examination Authority' તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કર્યો છે. આથી, મંડળ દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી, સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગુ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લિખિત પરીક્ષામાં જો કોઈ પણ ઉમેદવાર Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨૪. આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલું રહશે નહીં.

તારીખ:– ૦૩/૧૧/૨૦૨૬ **સચિવ**
સ્થળ:– ગાંધીનગર **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**

Appendix - G:

(Rule 6(2),7,14(3))

The Scheme and Subjects of Main Examination for the Posts termed as Group-A in Rule 6 shall consist of the following Papers:

Paper No.	Subject	Marks	Duration
I	Gujarati Language Skill	100	3 Hours
II	English Language Skill	100	3 Hours
III	General Studies	150	3 Hours
Total Marks		**350**	**-**

The Scheme and Subjects of Main Examination for the Posts termed as Group-B in Rule 6 shall consist of the following Paper:

Part-II: Syllabus for Main Examination 200 Marks Time: 120 Minutes

1	Indian State System and Constitution	20
2	Indian Economy, State Economy, NITI Aayog	20
3	Public Administration and Governance	20
4	Discipline and Ethics in Public Service	10
5	Information on various government Schemes	30
6	Regional, National and International Important Events including Current Affairs	30
7	History and Geography of Gujarat	20
8	Cultural Heritage of Gujarat (Art and Literature)	10
9	Gujarati and English	20
10	Science, Environment and Information Technology	20
Total		**200**

Appendix -H

Main Exam Syllabus (Descriptive Test for Group-A)

Paper- I **ગુજરાતી (મુખ્ય પરીક્ષા)** **(Descriptive)**

ગુણ–૧૦૦ **માધ્યમ– ગુજરાતી** **સમય–૩ કલાક**

અનુક્રમ	અભ્યાસક્રમ વિગત	ફાળવાયેલ ગુણ
૧.	નિબંધ : ત્રણ પૈકી કોઈપણ એક (આશરે ૨૫૦ શબ્દોમાં) (વર્ણનાત્મક /વિશ્લેષણાત્મક/ ચિંતનાત્મક/સાંપ્રત સમસ્યા પર આધારિત)	૧૫
૨.	વિચાર વિસ્તાર (ત્રણ પૈકી કોઈ પણ બે) કાવ્યપંક્તિઓ કે ગદ્યસૂક્તિનો વિચાર વિસ્તાર (આશરે ૧૦૦ શબ્દોમાં પ્રત્યેક)	૫x૨=૧૦
૩.	સંક્ષેપીકરણ : આપેલા ગદ્યખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ	૧૦
૪.	ગદ્ય સમીક્ષા: આપેલા ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો.	૧૦
૫.	પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયાર કરવા (આશરે ૧૦૦ શબ્દો)	૫
૬.	પત્ર લેખન (અભિનંદન/શુભેચ્છા /વિનંતી /ફરિયાદ વગેરે) (આશરે ૧૦૦ શબ્દોમાં)	૫
૭.	ચર્ચાપત્ર (આશરે ૧૫૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો/ સાંપ્રત સમસ્યાઓ/વ્યક્તિગત અભિપ્રાય રજુ કરતુ ચર્ચાપત્ર)	૧૦
૮.	અહેવાલ લેખન (આશરે ૧૫૦ શબ્દોમાં)	૧૦
૯.	ભાષાંતર : અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ (૧૦ વાક્યો)	૧૦
૧૦.	ગુજરાતી વ્યાકરણ: સૂચવ્યા મુજબ જવાબ લખો. (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહીં) ૧) રૂઢિપ્રયોગોના અર્થ અને તેનો વાક્યપ્રયોગ ૨) કહેવતોનો અર્થ ૩) સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ ૪) છંદ ઓળખવો ૫) અલંકાર ઓળખવો ૬) શબ્દસમૂહ માટે એક શબ્દ ૭) જોડણી શુદ્ધિ ૮) લેખન શુદ્ધિ/ભાષા શુદ્ધિ ૯) સંધિ – જોડો કે છોડો ૧૦) વાક્ય રચનાના અંગો/ વાક્યના પ્રકાર/ વાકય પરિવર્તન	૧૫
	કુલ	૧૦૦

Paper-II **ENGLISH (MAIN EXAMINATION)** **(Descriptive)**

Marks-100 **Medium-English** **Time-3 Hours**

No.	Type of Question	Marks to be allotted
1.	ESSAY (in about 250 words) Choose any one topic from a list of three. (Descriptive analytical/philosophical/ based on Current Affairs)	**15**
2.	LETTER WRITING (in about 150 words) A formal letter expressing one's opinion about an issue. The issues can deal with daily office matters/ a problem that has occurred in the office/ an opinion in response to one sought by a ranked officer/issues pertaining to recent concern. etc.	**10**
3.	REPORT WRITING (in about 150 words) A report on an official function/event/field trip/survey etc	**10**
4.	WRITING ON VISUAL INFORMATION (in about150 words): A report on a graph/image/flow chart/table of comparison/simple statistical data etc.	**10**
5.	FORMAL SPEECH (in about 100 words) A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/conference, a formal ceremony of importance etc.	**5**
6.	PRECIS WRITING A precis in about 50 words for a 150-word passage.	**5**
7.	READING COMPREHENSION: A-reading passage of about 150 words to be given followed by short-answer type questions	**10 x 2 = 20**
8.	ENGLISH GRAMMAR (10 Questions having 2 marks each from the following) a. Tenses b. Voice c. Narration (Direct-Indirect) d. Transformation of sentences e. Use of Articles and Determiners f. Use of Prepositions g. Use of Phrasal verbs h. Use of idiomatic expressions i. Administrative Glossary j. Synonyms/Antonyms k. One-word substitution l. Cohesive devices/Connectives/Linkers m. Affixes n. Words that cause confusion like homonyms/homophones.	**20**
9.	TRANSLATION: Translation of a Short Passage (of about 100 words) from Gujarati or English	**05**
	Total	**100**

Paper- III General Studies (Main Examination) (Descriptive)

Marks-150 Medium-Gujarati Time-3 Hours

(a) History of India (15 Marks)

1. Indus Valley Civilization: Characteristics, Places, Society, Cultural History, Art and Religion Indus ValleyCivilization and Gujarat Vedic Age- Jainism and Buddhism, Nanda Dynasty
2. Maurya and Gupt empires.
3. Vijayanagara Dynasty and Important dynasties of south India.
4. Important dynasties of Gujarat - their administration, art, architecture, literature, science and Technologies
5. Educational Institutions: Takshshila, Nalanda and Valabhi.
6. Arrival of Europeans in India, establishment and expansion of british rule in India 1757 to 1856, land revenue system. Permanent conscription, raiyatwari and mahalwari. Education system
7. India's Freedom struggle of 1857: religious and social reform movements in India and Gujarat in the 19th century, factors responsible for the rise of nationalism in India, Indian National Congress
8. Rise of Mahatma Gandhi on the national scene and the impact of his ideas, principles and teachings on the political, social, economic, religious, and cultural life of India.
9. Role of Sardar Patel in Independence Movement and Post-Independence Integration.
10. Indian revolutionaries in India and abroad, Azad Indian Army and Subhas Chandra Bose.
11. Post-Independence India: Reorganization of country states, Mahagujarat movement, Important events.

(b) Cultural Heritage (15 Marks)

1. Salient features of Indian culture and its art forms, literature, sculpture and architecture from ancient to modern times.
2. Indian cinema and theatre and its impact on society.
3. Arts and Crafts of Gujarat
4. Guajarati theatre
5. Folk culture and Oral Tradition of Gujarat: Its Significance, Characteristics and Implications
6. Coastal culture and tribal culture of Gujarat

(c) Geography (15 Marks)

1. Study of physical features and resources of Gujarat and India: major landforms, climate, soil, rocks, rivers, reservoirs, vegetation, minerals and water resources.
2. Economic History: Primary, Tertiary, Tertiary and Quaternary.
3. Social and Demographic Geography.
4. Developmental and environmental issues, sustainable development, globalization; Its Social and Economic Impacts. Natural disasters, carbon emissions, pollution, disaster Management. Global Response to the problems of Climate Change and Environmental Degradation: Key treaties and conventions.

(d) Science and Technology (10 Marks)

1. Integrating science, technology and innovation for a better human life, Science and Technology in everyday life: India's contribution in the field of science and technology, challenges and obstacles in application and diffusion of science and technology, role and scope of science and technology in nation building
2. Information and Communication Technologies (ICT)-its Importance, Benefits and Challenges, E-Governance and policies regarding India, Cybercrime and Cyber Security

3. India's space programs-Past, Present and Future
4. Energy Policy and Nuclear Policy of india Importance, benefits and challenges of technology in defense services
5. Achievements of Indians in the field of science and technology.

(e) Events of Regional, National and International Importance (30 Marks)

(f) Indian State System and Constitution (20 Marks)

1. Constitution of India and its salient features.
2. Functions and duties of Union and State Governments of India.
3. Issues and challenges related to federal structure-Role of Governor in states.

(g) Public Administration and Governance (20 Marks)

1. Meaning, Nature and Scope of Public Administration, evolution in India, legacy of British rule
2. Role of civil service in democracy.
3. Government policies and interventions, implementation issues and problems with regard to the development of various sectors
4. Development Process - Role of civil society, non-governmental organizations and other stakeholders, statutory, regulatory and various quasi-judicial bodies.
5. Good Governance and e-Governance-Transparency, accountability and sensitivity in governance – Bill of Rights, Right to Information, Public Service Act and its implications of this survey, social research and its importance
6. Division of Powers between cental and State Governments (central List. State List, Concurrent List).issues and challenges
7. Important constitutional amendments.
8. Constitutional Institutions and their Role
9. Parliament and State Legislatures - Structure. Functioning Governance. Powers and Special

10. Judiciary in India - Structure and Functioning, Important Provisions and Constitutional Amendments related to Emergency, Judicial Review, Public Petitions.

11. Rights related issues (Human Rights, women's Rights, Rights of Scheduled castes and Scheduled Tribes, Rights of Children) etc.

12. Important international organizations, agencies, various organizations and their structure

(h) Discipline In Public Service (10 Marks)

1. Ethics and Human Interaction: Essence, Determinants and Implications/Impacts on Human Behavior, Consequences: Dimensions of Ethics, Ethics in Personal and public Relations, Ethics in public Services, Truthfulness and Accountability-Right to Information Act, Public Services Act and its implications.

2 Attitude: Basic elements, Functions; its effect on thoughts and behavior/behavior and relationship. character and political attitudes; Social influence and the role of persuasion/promotion.

3. Emotional Intelligence: Concept. Its Usefulness and Applications in Management and Governance.

4. Human Values: The Role of Family, Society and Educational Issues in Educating Citizens about Values.

5. Ethics related issues and challenges-Anti-corruption system, Lokpal, Lokayukta

6. Case study of matter related to the above order (1-5).

(i) Indian Economy and Planning (15 Marks)

1. Indian Economy: Emergence and Development of Planning Practice in India, central and state Government's economic performance, dynamics, challenges, new initiatives, reforms etc. Important events, developments and social sector initiatives. Niti Aayog: Objectives, Constitution and Functions Social Audit Agriculture, Industries, Infrastructure Sector and Service Sector.

2. Regulatory Framework for Finance and Banking Concepts, Structure and Role. Monetary policy and fiscal policy.
3. Indian Public Finance: Indian Tax System, public expenditure, Public Debt, deficit and aid in Indian Economy, centra; and state Fiscal Relations.
4. Various indicators of economy, indian important institutions involved in public administration
5. Rural Development and Rural Economy- Challenges and Policies; Employment policies/Schemes in India
6. The Economy of Gujarat- An Overview; Economy, economic and social social infrastructure development policies of Gujarat in comparison with india and other states, Co-operative movement in Gujarat and its impact on socio-economic aspects of life.
7. Infrastructure: Power, Ports, Roads, Airports, Railways, Telecommunications. Social Impact Assessment.

Paper-3 (General Studies): Questions and Marks distribution:

Marks per question	Approximate words per question	Number of questions	Total Marks
1 Mark	10-20	10	10
2 Marks	20-30	10	20
3 Marks	30-50	30	90
5 Marks	100	06	30
Total	**-**	**56**	**150**